PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com

ફોન :-
પાટણ ઓફીસ } ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮, ૨૩૦૮૦૮
ડેકસ : ૨૨૧૩૪૭
ઉંઝા : ૨૫૩૪૧૯
હારીજ : ૨૨૨૪૦૪

# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com

તા. ૨૪-૦૨-૨૦૧૪

ભાઈશ્રી,

ચાલુ નાણાકીય વર્ષ સને ૨૦૧૩-૧૪ નો ઈન્કમટેક્ષ એડવાન્સટેક્ષ નો છેલ્લો હપ્તો **તા. ૧૫-૦૩-૨૦૧૪ સુધીમાં ભરવાનો છે. જેની જરૂરી માહીતી નીચે મુજબ છે.**

(૧) અંગત, H.U.F, ભાગીદારી પેઢી કે કંપની અને સહકારી મંડળીઓ જેમની પણ ચાલુ વર્ષની આવક નો ભરવા પાત્ર ઈન્કમટેક્ષ (T.D.S. બાદ કર્યા પછી) રૂા. ૧૦,૦૦૦/- થી વધતો હોય તો એડવાન્સ ટેક્ષ ભરવો પડે.

(૨) એટલે દરેક વેપારી એ પોતાની તથા ભાગીદારોની ચાલુ વર્ષની અંદાજીત આવક, મજરે લેવાની T.D.S ની રકમ, ભરેલ LIC, PPF, NSC, મેડીક્લેમ તથા એડવાન્સ ટેક્ષના ચલણોની વિગત તા. ૫-૩-૨૦૧૪ સુધીમાં અમને મોકલવી જેથી એડવાન્સટેક્ષના ચલણો મોકલી શકાય

(૩) અંગત તથા H.U.F, માટે ચાલુ વર્ષના ઈન્કમટેક્ષના દર નીચે મુજબ છે.

(૧) ૬૦ વર્ષ સુધીના દરેક સ્ત્રી/પુરૂષને ........... રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી માફ
(૨) ૬૦ થી ૮૦ વર્ષ સુધીના સ્ત્રી/પુરૂષને ........ રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી માફ
(૩) ૮૦ વર્ષ થી વધુ ઉંમરના સ્ત્રી/પુરૂષને ........ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી માફ
(૪) H.U.F ને ..................................... રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી માફ
(૫) **ઉપર મુજબની બેઝીક રકમ પછી — ભરવાપાત્ર ટેક્ષ**
(૧) રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આવક ઉપર ..................... ૧૦% પ્રમાણે
(૨) રૂા. ૫,૦૦,૦૦૦/- થી ૧૦,૦૦,૦૦૦/- ની આવક સુધી .... ૨૦% પ્રમાણે
(૩) રૂા. ૧૦,૦૦,૦૦૦/- ઉપરની બધી આવક ઉપર ............. ૩૦% પ્રમાણે

નોટ : જે વ્યકિતની અંગત કુલ આવક રૂા. ૫ લાખ થી વધારે નહોય તેમને ભરવાપાત્ર ટેક્ષમાંથી રૂા. ૨૦૦૦/- નું રીબેટ મળશે. (ફક્ત અંગત ના કેસમાં)

(૪) ભાગીદારી પેઢીને ધંધાના તમામ ખર્ચા તથા ભાગીદારોની મૂડીનું ૧૨% સુધીનું વ્યાજ બાદ કર્યા પછી જે બુક પ્રોફીટ બાકી વધે તેમાંથી વર્કીંગ પાર્ટનરોનો પગાર નીચે મુજબ બાદ મળે.

(૧) રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીના નફા ઉપર .................. ૧૦૦% પગાર
(૨) નફો રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધારે અને રૂા. ૩,૦૦,૦૦/- સુધી હોય તો .... સળંગ કુલ નફાનો ૯૦% પગાર
(૩) રૂા. ૩,૦૦,૦૦૦/- ઉપરની નફાની રકમ ઉપર ............................................. ૬૦% પગાર

નોટ : ભાગીદારોની મુડીનું વ્યાજ તથા પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તેની જોગવાઈ હોવી જરૂરી છે. નહીતર વ્યાજ અને પગાર બાદ મલે નહીં.

(૫) કંપનીના કેસમાં તથા ભાગીદારી પેઢીમાં નેટ નફાના સળંગ ૩૦% પ્રમાણે ટેક્ષ લાગે છે.

(૬) ટેક્ષની રકમ ઉપર ૩% સેસ લાગે છે. ૧ કરોડ ઉપરની આવક હોય તો સરચાર્જ પણ લાગે છે.

(૭) અંગત તથા H.U.F. ને LIC, PPF, NSC, હાઉસીંગ લોન હપ્તાનું મદ્દલ વિગેરે રૂા. ૧,૦૦,૦૦/- સુધી બાદ મળે છે. મેડીકલ વીમો રૂા. ૧૫૦૦૦/- સુધી અને હાઉસીંગ લોન નું વ્યાજ રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૫) **વ્યાજ કપાત માફીના FORM 15G/15H**

રૂા. ૫૦૦૦/- થી વધુનું વ્યાજ અંગત કે H.U.F. ને વ્યાજ કપાત કર્યા વગર ચુકવવું હોયતો વ્યાજ મેળવનારે FORM 15G કે 15H આપવું પડે આ અંગેની કેટલીક જરૂરી માહીતી નીચે મુજબ છે.

अन्तर्देशीय पत्र कार्ड
INLAND LETTER CARD



इस रेखा के नीचे न लिखें और न ही मुद्रित करें Do not write or print below this line ___ पिन PIN

इस पत्र के अन्दर कुछ न रखें NO ENCLOSURES ALLOWED
पते में पिन कोड लिखें WRITE PIN CODE IN ADDRESS
प्रेषक का नाम और पता — SENDER'S NAME AND ADDRESS —

ડી. પી. ઠક્કર એન્ડ કું.
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ. (ઉ.ગુ.)
पिन PIN ૩ ૮ ૪ ૨ ૬ ૫





(૨) જેમની આવક ટેક્ષબલ લીમીટ થી ઓછી હોય અને વ્યાજની રકમ પણ ટેક્ષેબલ લીમીટ થી ઓછી હોય તેજ આ ફોર્મ આપી શકે.

(૩) આ ફોર્મ તા. ૭/૪/૨૦૧૪ સુધીમાં TDS કમિશ્નરશ્રી કચેરીમાં ફાઇલ કરવું ફરજિયાત છે નહીંતર રોજનો રૂા. ૨૦૦/- દંડ થાય છે.

(૪) આ ફોર્મ આપનારે ફોર્મમાં નીચેની વિગતો આપવાની રહેશે.
નામ, પુરૂ સરનામું, ઉંમર, PAN NO., કયા વોર્ડમાં રીટર્ન ભરો છો, છેલ્લું કયા વર્ષનું રીટર્ન ભર્યું છે, ડીવીડન્ડની કેટલી આવક છે, મ્યુ. ફંડની આવક કેટલી ? ધંધો કરતા હોયતો ધંધાનું નામ શું છે ? ચાલુ વર્ષની કુલ આવક કેટલી ?

(૫) આવું ફોર્મ મેળવનારે ફોર્મની સાથે પોતાના ચોપડેથી ફોર્મ આપનારનો ખાતાનો ઉતારો ૩ કોપીમાં, પેઢીનો ટેલીફોન નંબર તથા પેઢીનો PAN/TAN આપવાના રહશે.

એટલે તા. ૩૧-૩-૨૦૧૪ ના રોજ વ્યાજ ચુકવો તેમાં જેના FORM 15G/15H લેવાના હોય તેમની ઉપર મુજબની વિગત અમને તા.૨૫-૩-૨૦૧૪ સુધીમાં મોકલવી જેથી જરૂરી FORM તૈયાર કરીને સહીમાં મોકલી શકાય.

કુશળ હશો.

લી.
વીરૂભાઇ - કનુભાઇ
પિયુષભાઇ - નીખીલભાઇ